# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૫/૩/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડાં)

---

## ચેમ્બર ખાતે કન્સ્ટ્રકશન ઈન્ડસ્ટ્રીમાં રોડ તથા બાંધકામ વ્યવસાય અંગે વિસ્તૃત જાણકારી આપતો વાર્તાલાપ યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજરોજ નાનપુરા સમૃદ્ધિ ખાતે કન્સ્ટ્રકશન ઈન્ડસ્ટ્રીમાં રોડ તથા બાંધકામ વ્યવસાય અંગે વિસ્તૃત જાણકારી આપતા વાર્તાલાપનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં કન્સ્ટ્રકશન વ્યવસાય સાથે જોડાયેલા ઉદ્યોગપતિઓ ઉપસ્થિત રહયા હતા. શહેર, રાજય ધોરી માર્ગો તથા ગામડામાં નિર્માણ થતા રસ્તાઓ વધારે મજબુત કેવી રીતે બનાવી શકાય તે અંગે માહિતી આપવામાં આવી હતી.

બાંધકામ ખાતામાં સુરત મહાનગરપાલિકા, રોડ એન્ડ બિલ્ડીગના પ્રતિનિધીઓ અને કન્સ્ટ્રકશન ઉદ્યોગ સાથે સંકળાયેલા મહાનુભાવોની હાજરીમાં ઉપયોગી ફાઉન્ડેશન તેમજ લો રાઇઝ બિલ્ડીગમાં વધારે મજબુતી અને જીવજંતુઓના (પેસ્ટ)ના ઉપદ્રવથી કેવી રીતે બચી શકાય તે અંગે પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યુ હતુ. વિશેષતઃ ગ્રામિણ નિર્માણમાં ખેત તલાવડી, ચેકડેમ તેમજ આંતરીક રસ્તાઓમાં હાલ વર્ષા ઋતુમાં જે ભંગાણો પડે છે તેમાંથી કેવી રીતે બચી શકાય અને લાંબા ગાળા સુધી ચાલે તેવા રસ્તાઓનું નિર્માણ સારામાં સારી કેવી રીતે થઇ શકે તે માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ચેમ્બરના નેતૃત્વમાં અને બાંધકામ ઉદ્યોગ સાથે જોડાયેલા એકમો સાથે વિસ્તૃત તથા હેતુલક્ષી ચર્ચા કરવા વધુ વર્કશોપ ગોઠવાય તેવી માંગણી થઇ હતી. આ ઉપરાંત ગ્રામિણ ક્ષેત્રે રોડ, ખેત તલાવડી અને ચેકડેમ બનાવવા માટે એક પાયલોટ પ્રોજેકટનું આયોજન કરવાનું પણ નકકી કરવામાં આવ્યુ હતુ.